અમદાવાદ સ્ટેશન પર ચાર ટ્રેનોના આગમન અને પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફાર

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સગવડતા અને ટ્રેનોની સમયપાલન ને વધુ યોગ્ય બનાવવા માટે ,દાદર-ભગત કી કોઠી એક્સપ્રેસ, દાદર-બીકાનેર એક્સપ્રેસ, યશવંતપુર-બાડમેર એક્સપ્રેસ અને બાંદ્રા ટર્મિનસ-બાડમેર એક્સપ્રેસ ટ્રેનો તાત્કાલિક પ્રભાવ થી અમદાવાદ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૨૦૪૮૪ દાદર-ભગત કી કોઠી એક્સપ્રેસ નું અમદાવાદ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૨૨:૪૫/૨૨:૫૫ વાગ્યા સુધીનો રહેશે.

૨. ટ્રેન નંબર ૧૨૪૯૦ દાદર-બીકાનેર એક્સપ્રેસ નું અમદાવાદ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૨૨:૪૫/૨૨:૫૫ ના બદલે ૨૨:૫૦/૨૩:૦૦ વાગ્યા સુધીનો રહેશે.

૩. ટ્રેન નંબર ૧૪૮૦૫ યશવંતપુર-બારમેર એક્સપ્રેસ ટ્રેનનો અમદાવાદ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૮:૨૦/૧૮:૩૦ વાગ્યાને બદલે ૧૮:૩૦/૧૮૪૦ વાગ્યા સુધી નો રહેશે.

૪. ટ્રેન નંબર ૧૦૦૦૯ બાંદ્રા ટર્મિનસ-બારમેર એક્સપ્રેસ ટ્રેનનો ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ થી અમદાવાદ સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૦૩:૧૫/૦૩:૨૦ વાગ્યાને બદલે ૦૩:૨૦/૦૩:૩૦ વાગ્યા સુધીનો રહેશે.. ટ્રેનો ના પરિચાલનના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો.www. enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

પશ્ચિમ રેલવે દ્વારા ભુજ-સાબરમતી સ્પેશિયલ ટ્રેનના ફેરા વધારવામાં આવ્યા

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા તેમની માંગને પૂરી કરવાના ઉદ્દેશથી ભુજ-સાબરમતી સ્પેશિયલ ટ્રેનના ફેરા વિશેષ ભાડા પર વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આ પ્રકારે છે:

૧. ટ્રેન નંબર ૦૯૪૫૫ સાબરમતી-ભુજ સ્પેશિયલ જેને પહેલાં ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી વધારી દેવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-સાબરમતી સ્પેશિયલ જેને પહેલાં ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી વધારી દેવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૫૫ અને ૦૯૪૫૬ ના વધારેલા ફેરાનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલ્લું છે.

ઘરે-ઘરે શરદી-ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં વધારો થયો

અમદાવાદ, હાલ સમગ્ર ગુજરાતમાં ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઠંડી અને બપોરે ગરમીથી લોકો પરેશાન થઈ રહ્યા છે. બેવડી ઋતુના કારણે રોગચાળાના કેસમાં વધારો થયો છે. ઘરે-ઘરે શરદી-ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે હવે નવી આકાશી આફત આવવાની છે. ૭ ફેબ્રુઆરીથી ઠંડીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, આગામી દિવસોમાં ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે. જેમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છાંટા પડવાની શક્યતા છે. આ દિવસોમાં ગુજરાતમાં ફરી ઠંડીનો દોર શરૂ થશે.

હવામાન વિભાગની આગાહી આવી ગઈ છે. આગાહી એવી છે કે, હાલ અમદાવાદમાં ૧૭ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો નલિયાનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. આગામી ત્રણ દિવસ તાપમાન યથાવત રહેશે. પરંતુ ત્રણ દિવસ બાદ ઠંડીનું જોર વધશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે ઠંડી વધશે. ત્યાર બાદ તાપમાનમાં ફરી વધારો થતા ગરમીનો અનુભવ થશે. અંબાલાલ પટેલે ફેબ્રુઆરી મહિનામાં ફરી કમોસમી વરસાદની આગાહી કરી છે. આ દિવસોમાં કરા સાથે વરસાદ આવી શકે છે. ખાસ કરીને ગુજરાતના રાજસ્થાનથી જોડાયેલા સરહદી વિસ્તારોમાં છાંટા આવી શકે છે. આ દિવસોમાં ફરી ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે, અને રાજ્યમાં ફરી બેવડી ઋતુ અનુભવાશે. તો સાથે જ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ આવવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રાજસ્થાનમાં સૌથી વધુ જોવા મળશે.

રામલલ્લાના દર્શનાર્થે વડોદરાથી ૧૨૦૦ રામ ભક્તો અયોધ્યા જવા રવાનાઃ રેલ્વે સ્ટેશન જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યું

વડોદરા, આજે બપોરે વડોદરા રેલવે સ્ટેશનથી અંદાજે ૧૨૦૦ જેટલા રામ ભક્તો અયોધ્યામાં તૈયાર થયેલ નવીન રામ મંદિરના દર્શનાર્થે જવા પ્રસ્થાનકર્યું હતું વડોદરે રેલવે સ્ટેશનનો માહોલ રામમય બની ગયો હતો.. અહીંથી રવાના થયા થનાર રામભક્તોનું ઢોલ નગારા સાથે સ્વાગત કરાયા બાદ તેઓને વાજંતે ગાજંતે વિદાય આપવામાં આવી હતી. અયોધ્યામાં ભગવાન શ્રીરામના નવીન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થયા બાદ હાલ ત્યાં દર્શનાર્થે ખુબ મોટી સંખ્યામાં રામ ભક્તો પહોંચી રહ્યા છે. વડોદરામાં પણ અસંખ્ય રામ ભક્તો દર્શનાર્થે જવા ખુબ ઉત્સુક છે. આ માટે રેલવે વિભાગ દ્વારા વિશેષ આસ્થા ટ્રેન શરૂ કરવામાં આવી છે. આજે બપોરે વડોદરા રેલવે સ્ટેશન ખાતેથી આસ્થા ટ્રેન અયોધ્યા ખાતે રવાના કરવામાં આવી તે અગાઉ અંદાજે ૧૨૦૦ જેટલા રામભક્તોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ રામલલાના દર્શન કરવા રવાના થયા હતા.

રામ મંદિર પ્રવાસના સંયોજક અને ભાજપના પૂર્વ કોર્પોરેટર રાજેશભાઈ આયરેએ જણાવ્યું હતું કે,તમામ રામ ભક્તોનો પાંચ દિવસનો પ્રવાસ અયોધ્યા ખાતેનો રહેશે. તારીખ ૧૪ના રાત્રીના સમયે રામ ભક્તો વડોદરા પરત આવશે. તેઓ ભગવાન શ્રીરામનો પ્રસાદ લાવ્યા હશે તે શહેર જિલ્લાની ૧૫૦૦ જેટલી સોસાયટીઓમાં વિનામૂલ્ય તેનું વિતરણ કરાશે અને આ સાથે લોકોમાં ભગવાન શ્રીરામમાં દ્રઢ આસ્થા ઊભી કરવાનો પ્રયાસ થશે.

શિવરાત્રીના મેળામાં સાધુ સંતો વિધર્મી લોકોની બગીઓમાં બેસી રવેડીમાં નહિ નીકળે : મહંત મહેશગીરી બાપુ

જૂનાગઢ, ૮ માર્ચના રોજ મહાશિવરાત્રીનો પર્વ છે. આ પર્વ શિવભક્તો માટે ખાસ ગણાય છે. ત્યારે જુનાગઢના ભવનાથનો મેળો ભક્તો માટે અનેરું મહત્વ ધરાવે છે. અહીં મહાશિવરાત્રીએ દૂરદૂરથી ભક્તો આવે છે. ત્યારે સાધુ સંતો દ્વારા શિવરાત્રિને મેળો લઈ ખાસ બેઠકનું આયોજન કરાયુ હતું. જેમાં મહાશિવરાત્રી મેળામાં સાધુ સંતોને થતી મુશ્કેલી, અગ્નિક્રોત્રો ચલાવવામાં પડતી મુશ્કેલી, લોકોને થતી અગવડ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. વહીવટી તંત્રને સમસ્યાઓનો ઉકેલ કરવા નિર્ણય લેવાયો હતો. સાધુસંતોના સુચનોને જૂનાગઢના ધારાસભ્ય, મેયર, શહેર પ્રમુખ તેમજ અગ્રણીઓએ માન્ય રાખ્યા હતા. તેમજ કેટલાક મહત્વના નિર્ણયો પણ આ વર્ષના ભવનાથના મેળા માટે લેવામાં આવ્યા છે. અગ્નિક્રોત્રોમાં સામાન માટે મેળામાં વાહનોની અવરજવર વધુ હોય છે, તેથી આ અવરજવર ઓછી થાય એ માટે નિર્ણય લેવાયો કે, સરકાર દ્વારા ટેમ્પરરી ગોડાઉન ઉભુ કરાશે. જેમાં ગેસ સિલિન્ડર, કાચી સામગ્રી, શાકભાજી મળી રહેશે. આ ઉપરાંત ઈમરજન્સી માટે ભવનાથથી બહાર સુધી જવા વૈકલ્પિક રસ્તો રાખવો. અધિકારીઓની ગાડી પરિવારો માટે વારંવાર આવજા ન કરે તેના પર ખાસ નજર રાખવામાં આવશે. આ ઉપરાંત મહંત મહેશગીરી બાપુએ જણાવ્યું કે, સાધુ સંતો વિધર્મી લોકોની બગીઓમાં બેસી રવેડીમાં નહિ નીકળે.

PMJAY યોજના હેઠળના ખાનગી હોસ્પિટલના બીલોની ચુકવણી ન થવાને કારણે હોસ્પિટલો આર્થિક સંકળામણમાં



અમદાવાદ, ગુજરાત રાજ્યમાં PMAJAY આયુષ્યમાન યોજના ૨૦૧૬થી કાર્યરત છે. યોજનામાં પ્રાઈવેટ હોસ્પિટલ SHA ગવર્મેન્ટ અને ઈન્સુરન્સ કંપની સાથે Tripartly MoU કરવામાં આવે છે, પ્રાઈવેટ હોસ્પિટલ દ્વારા દર્દીને કેસલેસ સારવાર આપવામાં આવે છે. MoU મુજબ તેનું પેમેન્ટ હોસ્પિટલને ૧૫ દિવસની અંદર ઈન્સુરન્સ કંપની દ્વારા કરવાનું હોય છે અને જો વીમા કંપની દ્વારા ૧૫ દિવસ પછી પેમેન્ટ કરે તો ૦.૧% લેખે પર અઠવાડિયે વ્યાજ ચુકવણીની જોગવાઈ છે. તેમછતાં ગુજરાતની ૩૦૦થી વધારે પ્રાઈવેટ PMJAY empanelled હોસ્પિટલની પોલિસી ૫, ૬, ૭ના (જુલાઈ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩) છેલ્લા ૨ વર્ષના આશરે ૩૦૦ કરોડથી વધુ પેમેન્ટ બાકી છે. પરંતુ હવે લાંબાસમય સુધી આ બીલની ચુકવણી નથી કરવામાં આવતી ત્યારે ખર્ચ કરવા માટે હોસ્પિટલ પહોંચી ન શકે તેવી પરિસ્થિતિઓ સર્જાઈ છે. હોસ્પિટલને સારવાર દરમિયાન જરૂરી દવાઓ, અન્ય સંશાધનો, સ્ટાફ પગાર વગેરેનો ખર્ચ દર મહિને ચુકવવો પડે છે. પરંતુ જ્યારે બાકી બીલની રકમ મહિનાઓ અને વર્ષો સુધી ન મળવાને કારણે અત્યંત ગંભીર આર્થિક કટોકટી હોસ્પિટલો માટે સર્જાઈ છે. આ બાબતની PMJAY યોજનાના અધિકારીઓ તથા સરકારશ્રીને વારંવાર જાણ કરવા છતાં દરેક વખતે બાહેંધરી આપવામાં આવે છે કે હોસ્પિટલને તાત્કાલિક ધોરણે બિલની ચુકવણી કરવામાં આવશે. પરંતુ હજુ સુધી ઘણી મોટી રકમની ચુકવણી બાકી છે. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર યોગ્ય સારવાર PMJAY યોજના હેઠળ મળતી રહે તે માટે સરકારશ્રીને તાત્કાલિક ધોરણે હોસ્પિટલોના બાકી બિલની ચુકવણી સતવરે કરવાની જરૂર છે. (૨૨-૧)

"ટ્રાવેલિંગ ટેક્સટાઈલ આર્ટ એક્ઝિબિટ, હમારી વિરાસત, અમદાવાદમાં આવે છે"

અમદાવાદ, હમારી વિરાસત (અવર હેરિટેજ), હેન્ડ ફોર હેન્ડમેડ ફાઉન્ડેશન દ્વારા એક ટેક્સટાઈલ આર્ટ એક્ઝિબિશન ૧૫-૧૮ ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ ખાતે પ્રદર્શીત કરવામાં આવશે. આ પ્રદર્શન ભારતીય બંધારણની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી માટે દેશભરના કારીગરો જૂથો દ્વારા બનાવવામાં આવેલી ૭૫ વિવિધ હાથથી બનાવેલી કાપડની કલાકૃતિઓના પ્રદર્શન દ્વારા ભારતમાં કારીગરી ક્ષેત્રની સમૃદ્ધિની ઉજવણી છે.

આ અદભૂત ભીંતચિત્ર ૭૫ અલગ-અલગ ૧૬૮૧૬ આર્ટવર્કનું પ્રદર્શન કરે છે, જે પ્રત્યેક ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં દર્શાવવામાં આવેલી કળા દ્વારા જટિલ અને પ્રેરિત છે. આર્ટવર્ક બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્રનિર્માણમાં કારીગરી ક્ષેત્રના યોગદાન વચ્ચેના ગહન જોડાણ માટે વિઝ્યુઅલ ટેક્સ્ટામેન્ટ તરીકે સેવા આપે છે. આ પેનલ સમગ્ર દેશમાંથી વિવિધ કાપડ કલાના સ્વરૂપોના પ્રતિનિધિ છે. ગુજરાત સ્થિત કલાકારો અને કારીગરો ક્લસ્ટરો દ્વારા અજરક, જરદોસી, ખરડ અને કચ્છની ભરતકામની પરંપરાગત કાપડ કલાકૃતિઓનું પ્રદર્શન કરતી અનેક પેનલ બનાવવામાં આવી છે. હમારી વિરાસતની કલ્પના લોકો અને કારીગરો માટે કનેક્ટર તરીકે કામ કરવા અને ભારતના પરંપરાગત કાપડ કલા સ્વરૂપોના સમૃદ્ધ વારસા માટે વ્યાપક જાગરૂકતા અને કદર માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરવા માટે કરવામાં આવી હતી. દરેક આર્ટવર્કને પ્રો-બોનો બાય હેન્ડ ફોર હેન્ડમેડ મેમ્બર્સ દ્વારા ફાળો આપવામાં આવ્યો છે કારણ કે વિવિધતામાં એકતાના સાચા અર્થમાં પ્રતિનિધિત્વ કરતા આ રાષ્ટ્ર નિર્માણ પ્રોજેક્ટ તરફ તેમની સર્જનાત્મકતા અને આર્ટફોર્મનો ઉપયોગ કરવાના પૂરા દિલથી પ્રયાસ છે. —

રેલીકેબ કેબલ મેન્યુફેક્ચરિંગ લિમિટેડ
CIN : L27201DD2009PLC004670
રજી.ઓફિસ : ૫૩/૧,(૪-બી) બેનસ્લોર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ફુનેથા દમણ- ૩૯૬૨૧૦ (યુ.ટી.) ઈન્ડિયા

૩૧ મી ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પુરા થતા ત્રિમાસિક અને નવમાસિકના અંતે અનઓડીટેડ નાણાંકીય પરિણામના સ્ટેટમેંટનો ઉતારો

(રૂ. લાખમાં)

ક્ર. સં.	વિગતો	૩ મહિનાના અંતે		નવ મહિનાના અંતે
		31/12/2023	31/12/2022	31/12/2023
1	કામકાજમાંથી કુલ આવક (ચોખ્ખી)	755.99	1,008.84	2,439.35
2	ચોખ્ખો નફો/ટેક્સ પહેલા અને અપવાદરૂપ આઈટમો	28.09	27.89	68.02
3	ચોખ્ખો નફો/ટેક્સ પછી	25.59	28.06	71.00
4	પીઠા સાંધેલિક આવક (આ સમય માટે)	25.59	28.06	71.00
5	ચુકવણી કરેલ ઈક્વિટી શેરમૂડી (ફેઈસ વેલ્યુ રૂ.10-ના શેર પ્રમાણે)	1,009.47	1,009.47	1,009.47
6	શેરદીઠ કમાણી (રૂ. 10/-પ્રત્યેક)			
	(એ) બેઝિક	0.25	0.28	0.70
	(બી) ડાયલ્યુટેડ	0.25	0.28	0.70

નોંધ :
૧. અહીં ઉપરોક્ત ત્રિમાસિક અને નવમાસિકના અંતે નાણાંકીય વર્ષનું પરિણામનો ઉતારો જે પદ્ધતિએ આપેલ છે તે સ્ટોક એક્ષચેન્જમાં સેબીની કલમ 33 (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ એડ ડિસક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ છે. ત્રિમાસિક અને નવમાસિકના અંતેના નાણાંકીય પરિણામોની સંપૂર્ણ માહિતી સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com અને કંપની વેબસાઈટ www.relicab.com ઉપર પણ ઉપલબ્ધ છે.
૨. નાણાંકીય પરિણામો માન્યતા અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે અને તે કંપની એક્ટ,૨૦૧૩ની કંપનીઓની કલમ ૧૩૩ હેઠળ સુચવ્યા મુજબ લાગુ પડતા ભારતીય એકાઉન્ટિંગ પોરસોઈ(ઈન એએસ)માં નિર્ધારિત માપનના સિધ્ધાંતોની સંબંધિત કલમ વંચાણે લેતા અને સ્ટોક એક્ષચેન્જની સેબીની કલમ 33 (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ અંડ ડિસક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ અને સેબી પરિપત્ર નં. CIR/CFD/FAC/62/2016 તારીખ ૫ જુલાઈ, ૨૦૧૬ મુજબ છે. ઉપરોક્ત નાણાંકીય પરિણામો ઓડિટ કમિટી મારફતે નિરીક્ષણ કરવામાં આવ્યુ છે અને તેમના મારફતે ભલામણ કરવામાં આવી હતી તે બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટિંગ કે જે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ મળી હતી તેમાં મંજૂર કરવામાં આવ્યુ છે.
૩ અગાઉના ત્રિમાસિક અને અર્ધ વર્ષના આંકડાઓ જ્યાં જરૂરી લાગે ત્યાં ફરીથી ગ્રુપબદ્ધ/ પુનઃ ગોઠવવામાં આવ્યા છે.

બોર્ડના આદેશ અને તેના વતી
સહી/-
સુદીર શાહ
(મેનેજીંગ ડિરેક્ટર)

સ્થળ: દમણ
તારીખ:૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪.

HIPOLIN LIMITED
CIN:L24240GJ1994PLC021719
REDG.OFF: Survey No. 2/2, Paiki, Mouje, Behind Safe Express Logistic, Changodar, Sanand, Ahmedabad - 382213
CORP.OFF: 208 Sarthik II, Opp. Rajpath Club, S.G Highway, Ahmedabad, Gujarat – 380015
Tel.:079-26447730; E-mail :- hipolin@hipolin.com, cshipolin94@gmail.com; Website: www.hipolin.com

EXTRACTS OF STATEMENT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED DECEMEBER 31, 2023

Amounts in Lacs.

SR NO.	Particulars	Quarter ended 31.12.2023	Quarter ended 30.09.2023	Nine Month ended 31.12.2023	Year ended
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Audited)
1	Total income from operations (net)	536.22	409.56	1388.17	1555.58
2	Net Profit / (Loss) for the period (before tax, exceptional and/or extraordinary items)	0.80	-34.95	-72.17	-93.08
3	Net Profit / (Loss) for the period before tax (after exceptional and/or extraordinary items)	0.80	-34.95	-72.17	762.73
4	Net Profit / (Loss) for the period after tax (after exceptional and/or extraordinary items)	0.80	-34.95	-72.17	762.73
5	Total Comprehensive income [Comprising profit/ (loss) after tax and Other Comprehensive Income after tax]	1.05	-34.30	-72.12	762.41
6	Reserve (excluding revaluation Reserve) as shown in the Audited balance sheet of the previous year	-4[1]	-	-	917.81
7	Equity Share Capital	313.13	313.13	313.13	313.13
8	Earnings Per Share (of Rs. 10/-each) (not annualised)	-	-	-	-
	a. Basic:	0.03	-1.12	-2.30	24.36
	b. Diluted:	0.03	-1.12	-2.30	24.36

EXTRACTS OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED DECEMBER 31, 2023

(Rs. In Lakhs)

SR NO.	Particulars	Quarter ended			Nine Month ended		Year ended
		31.12.2023	30.09.2023	31.12.2022	31.12.2023	31.12.2022	31.03.2023
		Unaudited	Unaudited	Unaudited	Unaudited	Unaudited	Audited
1	Total income from operations (net)	536.22	409.56	422.98	1388.17	1127.02	1555.58
2	Net Profit / (Loss) for the period (before tax, exceptional and/or extraordinary items)	0.81	-34.95	-10.07	-72.23	-77.49	-93.04
3	Net Profit / (Loss) for the period before tax (after exceptional and/or extraordinary items)	0.81	-34.95	-7.38	-72.23	778.32	762.77
4	Net Profit / (Loss) for the period after tax (after exceptional and/or extraordinary items)	0.81	-34.95	-7.38	-72.23	778.32	762.77
5	Total Comprehensive Income [Comprising profit/ (loss) after	1.06	-34.3	-7.38	-72.18	778.92	762.45
6	Reserve (excluding revaluation Reserve) as shown in the Audited balance sheet of the previous year	-	-	-	-	-	917.85
7	Equity Share Capital	313.13	313.13	313.13	313.13	313.13	313.13
8	Earnings Per Share (of Rs. 10/-each) (not annualised)						
	a. Basic:	0.03	-1.12	-0.24	-2.31	24.86	24.36
	b. Diluted:	0.03	-1.12	-0.24	-2.31	24.86	24.36

Note:
1 The above is an extract of the detailed format of unaudited financial results for the quarter ended Decemeber 31, 2023 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the same are available on the BSE Ltd website (www.bseindia.com) and Company's website (www.hipolin.com).
This statement has been preparedin accordance with the Companies (Indian Accounting Standard) Rules,2015 (Ind AS) orescribed under section 133 of the Companies Act, 2013 and rules made therunder.
2 The above consolidated and standalone unaudited financial results of the Company for the quarter ended Decemeber 31, 2023 have been reviewed by an Audit Committee at its meeting held on February 11, 2023 and approved by the Board of Directors at their Meeting held on the same day.
3 Figures have been regrouped wherever necessary.

For and on behalf of the Board of Directors,
For Hipolin Limited,
Shailesh J. Shah
Managing Director
DIN :00777653

Place : Ahmedabad
Date : February 13, 2024

સિક્કો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
સીન: એલ૫૫૦૧૦જી૩૧૦૦૦૧એસઆઈ૦૩૩૩૯
રજિસ્ટર્ડ ઓફિસ: ૫૦૮, ટોરોન એલિગન્સ, વૈન મંદિર નજીક, પ્રહલાદનગર પીઉ અપ સ્ટેન્ડ નજીક, વેજલપુર, અમદાવાદ – ૩૮૦૦૫૧, ટેલિફોન : +૯૧ ૭૯-૬૯૧૬૮૯૦/૬૯૧૬૮૯૧
વેબસાઈટ : www.sikkoindia.com, ઈ-મેલ : compliance@sikkoindia.com

૩૧ મી ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા ના એકીકૃત નાણાકીય પરિણામ નો અર્ક

(ઈ.પી.એસ. સિવાય રકમ લાખમાં)

વિગતો	ત્રિમાસિક ગાળા ૩૧/૧૨/૨૦૨૩	નાણાકીય વર્ષ ૩૧/૦૩/૨૦૨૩	ત્રિમાસિક ગાળા ૩૧/૧૨/૨૦૨૨
	કાચા	પાકા	કાચા
કામગીરીમાંથી કુલ આવક	1360.24	4,992.50	1,024.80
સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસામાન્ય વસ્તુઓ પહેલાં)	182.86	405.30	181.33
સમયગાળા માટે કર પહેલાંના ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી)	182.86	405.30	181.33
સમયગાળા માટે કર પછીના ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી)	131.09	289.25	120.84
સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટે નફો / (નુકસાન) અને કરની બાદ અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે]	131.09	289.25	120.84
ઈક્વિટી શેર મૂડી	1,680.00	1,680.00	1,680.00
અનામત (પાછલા વર્ષના પાછી કરેલી બેલેન્સ શીટ મુજબ મૂલ્યાંકન અનામતને બાદ કર્યા પછી)	-	701.01	-
શેર દીઠ કમાણી (ચાલુ અને બંધ કામગીરી માટે) -			
બેઝીક: (સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે વાર્ષિકીકરણ કર્યા વગર)	0.78	1.72	0.72
ડાયલુટેડ: (સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે વાર્ષિકીકરણ કર્યા વગર)	0.78	1.72	0.72

નોંધ:
1. ઉપરોક્ત નાણાકીય એ સેબી સૂચિઓ નિયમનોનાં નિયમન 33 હેઠળ એનએસઈ લિમિટેડ સાથે ફાઇલ કરેલા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ ગાળા ના નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે. આખા નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.nseindia.com તેમજ કંપનીની વેબસાઇટ www.sikkoindia.com પર ઉપલબ્ધ છે.

સિક્કો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતિ
સહિ/-
જયંતિભાઈ મોહનભાઈ કુંભાણી
મેનેજીંગ ડિરેક્ટર, ડીન: ૦૦૫૮૭૮૦૭

AROMA ENTERPRISES (INDIA) LIMITED
Reg Off : 88, Ajanta Commercial Center, Nr. Income Tax Circle, Ashram Road, Ahmedabad-380009,
CIN : L51909GJ1994PLC021482, **Phone :** 079-27540175,
E-mail Id: compliance.mgc@gmail.com, **website :** www.aromaenterprises.in

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR QUARTER-III OF FINANCIAL YEAR 2023-2024 ENDED ON 31ST DECEMBER, 2023

(Rs. in Lakhs except EPS data)

PARTICULARS	Quarter Ended 31/12/2023 (Unaudited)	Quarter Ended 31/12/2022 (Unaudited)	Year Ended 31/03/2023 (Audited)
Total income from operations	–	40.09	–
Net Profit for the period (before tax and exceptional items)	(0.94)	34.07	(28.81)
Net Profit for the period before Tax (after exceptional items)	(0.94)	34.07	(28.81)
Net Profit for the period after tax (after Exceptional items)	(1.08)	33.77	(29.19)
Total Comprehesive Income for the period [Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	(1.08)	33.77	(29.19)
Equity Share Capital (Face Value of Rs. 10/-each)	494.04	494.04	494.04
Reserve (excluding Revaluation Reserve)	–	–	(668.31)
Earning Per Share (EPS) (of Rs. 10/- Each) (for continuing and discontinued operations) not annualised			
(a) Basic	(0.02)	0.68	(0.59)
(b) Diluted	(0.02)	0.68	(0.59)

Note:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the website of the stock exchange. website www.bseindia.com.
2. In line with Ind As - 108 operating segments and basis of the review of operations being done by the senior Management, the operations of the group fall under Enterprise Segment which is considered to be the only reportable segment by the management

BY ORDER OF THE BOARD,
SD/-,
Mr. Snehal Patel,
Managing Director, DIN : 03097321

Place : Ahmedabad
Date : 13.02.2024

SMFG Grihashakti
Navi Asha. Naya Vishwas.
રજીસ્ટર્ડ ઓફિસ: ૧૦૩ અને ૧૦૪, ખ્યાતી માલ , જી-બ્લોક ઈન્ફોસિટી, ગીફ્ટી, મેઈન રોડ, બોરા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ- ૪૦૦૦૫૧ મહા.
રજી. ઓફિસ: મેપ ટાવર્સ, ૩જો માળ, જુનો નં. ૩૦૩, નવો નં. ૧૧૫, પુનમમાલી હાઈ રોડ, મદુરવોયલ, ચેન્નાઈ- ૬૦૦૦૯૫. તમિલનાડુ

સ્થાવર મિલકત માટે (પરિશિષ્ટ -૪)ના રૂલ ૮(૧) હેઠળ કબ્જા નોટીસ

જે હોય તે એસએમએફજી ઈન્ડિયા હાઉસિંગ-સહકારી લિમિટેડ) (જે પહેલા ફુલરટોન ઈન્ડીયા હોમ ફાઈનાન્સ કં. લી. તરીકે ઓળખાતી) એ હાઉસિંગ ફાઈનાન્સ કંપની (તે બજે નોશનલ હાઉસિંગ બેંક સાથે નોંધાયેલી(સંપૂર્ણ ઘારણીઓઆઈની માલિકી)(હવે તે એસએમએફજી સિક્યુરિટી (તરીકે ઓળખાશે)તેની રજીસ્ટર ઓફીસના નીચે લખી કરનાર સત્તાધાર અધિકારી એ સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪)સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) ના સાથે નિયમ ૩ વાંચતા હેઠળ મળેલ સત્તા મુજબ તેમના જણાવેલા સરનામા ઉપર માંગણા નોટીસ કલમ ૧૩(૨) હે